
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ધબકતું વડોદરા: ૩૧મીની રાત્રે યુવાધન મન મૂકીને નાચ્યું, રોશનીના ઝગમગાટ વચ્ચે નવા વર્ષને વધાવ્યું







# 'વેલકમ 2026' ડીજેના તાલે ગુંજ્યું 'હેપ્પી ન્યૂ યર' ઝૂમી ઉઠી સંસ્કારી નગરી

## સુરક્ષા અને વ્યવસ્થાના ચુસ્ત આયોજન વચ્ચે લોકોએ નિર્ભયતાથી નવા વર્ષની ઉજવણીનો આનંદ માણ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વડોદરા સમગ્ર દેશની સાથે સંસ્કારી નગરી વડોદરામાં પણ નવા વર્ષ 2026ના આગમનને ખૂબ જ હર્ષોલ્લાસ અને ધામધૂમથી વધાવવામાં આવ્યું હતું. વડોદરાના જાણીતા અલગ અલગ ફાર્મ ખાતે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ 31મી ડિસેમ્બરની રાત્રે ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. નવા વર્ષને આવકારવા માટે મોટી સંખ્યામાં વડોદરાવાસીઓ શહેરના બહારના ભાગે આવેલા ફાર્મ ખાતે ઉમટી પડ્યા હતા. રાત્રિના સમયે ડીજેના ધબકારા અને રંગબેરંગી રોશની વચ્ચે યુવાધન તેમજ પરિવારો મન મૂકીને નાચતા જોવા મળ્યા હતા. કાર્યક્રમમાં આધુનિક મ્યુઝિક સિસ્ટમ અને લાઈટિંગના સથવારે લોકોએ જૂના વર્ષને વિદાય આપી હતી અને નવા વર્ષના સ્વાગતમાં ગીતોના તાલે ઝૂમ્યા હતા. જેમ જેમ ઘડિયાળનો કાંટો રાત્રિના 12ના ટકોરે પહોંચવા આવ્યો, તેમ લોકોનો ઉત્સાહ ચરમસીમાએ જોવા મળ્યો હતો. 12 વાગતાની સાથે જ 'હેપ્પી ન્યૂ યર'ના નાદ સાથે સમગ્ર ફાર્મ ગાજી ઉઠ્યું હતું.

ઉપસ્થિત લોકોએ એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી અને આવનારું વર્ષ સુખ-શાંતિ લાવે તેવી પ્રાર્થના કરી હતી. અલગ અલગ ફાર્મ ખાતેની આ ઉજવણીમાં માત્ર યુવાનો જ નહીં, પરંતુ બાળકો અને વડીલો પણ મોટી સંખ્યામાં સામેલ થયા હતા. સુરક્ષા અને વ્યવસ્થાના ચુસ્ત આયોજન વચ્ચે લોકોએ નિર્ભયતાથી નવા વર્ષની ઉજવણીનો આનંદ માણ્યો હતો. વડોદરાવાસીઓમાં જોવા મળતો આ ઉત્સાહ સાબિત કરે છે કે શહેર હંમેશા કોઈપણ ઉત્સવને મન ભરીને માણવામાં મોખરે રહે છે.

# વડોદરાની સયાજી હોસ્પિટલમાં પ્રોહિબિશનના 45 અને માર્ગ અકસ્માતના 19 કેસ નોંધાયા




### ઉજવણી વચ્ચે ખાખીની લાલ આંખ; પીધેલાઓના બ્લડ ટેસ્ટ માટે હોસ્પિટલમાં લાઈનો લાગી

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરમાં વર્ષ 2025ને વિદાય અને નવા વર્ષ 2026ને આવકારવા માટે યોજાયેલી ઉજવણી કેટલાક લોકો માટે મુશ્કેલીભરી સાબિત થઈ છે. શહેરમાં 31 ફર્સ્ટની રાત્રે દારૂ પીધેલી હાલતમાં પકડાયેલા અને માર્ગ અકસ્માતનો ભોગ બનેલા અનેક લોકો સયાજી હોસ્પિટલ પહોંચ્યા હતા. શહેરમાં ઠેર-ઠેર ફાર્મ હાઉસ, પાર્ટી પ્લોટ અને ઘરોમાં આયોજિત પાર્ટીઓ પર પોલીસની કડક નજર હતી. પોલીસના ચુસ્ત બંદોબસ્ત અને ચેકિંગ દરમિયાન દારૂ પીધેલી હાલતમાં અનેક લોકો ઝડપાયા હતા. પોલીસ દ્વારા કુલ 45 જેટલા લોકોને પ્રોહિબિશનના કેસ હેઠળ બ્લડ ટેસ્ટ અને તપાસ માટે SSG હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા.

નવા વર્ષની રાત્રે શહેરમાં બનેલી વિવિધ અકસ્માતની ઘટનાઓમાં 19 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે SSG હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ખસેડવામાં આવ્યા હતા. SSG હોસ્પિટલના આર.એમ.ઓ. ડો. હિતેન્દ્ર ચૌહાણે માહિતી આપતા જણાવ્યું હતું કે, "31મી ડિસેમ્બરની રાત્રે હોસ્પિટલમાં પ્રોહિબિશનના 45 કેસ તપાસ માટે આવ્યા હતા. આ ઉપરાંત, રોડ ટ્રાફિક એક્સિડન્ટના 19 કેસ નોંધાયા હતા. તમામ દર્દીઓને જરૂરી સારવાર અને સલાહ આપીને રજા આપવામાં આવી છે, કારણ કે મોટાભાગના દર્દીઓની સ્થિતિ સ્થિર હતી." આમ, વડોદરામાં પોલીસની સતર્કતાને કારણે નશાખોરો સામે લાલ આંખ કરવામાં આવી હતી, તો બીજી તરફ અકસ્માતની ઘટનાઓએ ઉજવણીના રંગમાં ભંગ પાડ્યો હતો.

## 31 ડિસેમ્બરે પાર્ટી કરનાર દારૂ પીધેલા 58 તથા ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના 75થી વધુ કેસ



(પ્રતિનિધિ) વડોદરા, તા.1

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની ઉજવણીમાં યૌવન ધન ઘેલુ બન્યું હતું. જેમાં અલગ અલગ હોટલ, રેસ્ટરન્ટ, પાર્ટીપ્લોટ તથા ફાર્મ હાઉસો પર પાર્ટી યોજાઈ હતી. ત્યારે 58 જેટલા લોકો દારૂનો નશો કરીને નીકળ્યા હોય પોલીસે પકડ્યાં હતા. ઉપરાતં 75 ઉપરાંત ડ્રિન્ક ડ્રાઈવના ગુના દાખલ કરી કાર્યવાહી હાથ ધાઈછે. 31 ડિસેમ્બરના રોજ વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલી હોટલ, રેસ્ટોરન્ટ તથા પાર્ટી પ્લોટોમાં પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ પોલીસ કમિશનર દ્વારા દરેક ઝોનના ડીસીપી સહિતના અધિકારીઓને કડકાઈથી સુચના આપી દેવામાં આવી હતી.

કોઈ પાર્ટી કરે તો કાયદાની મર્યાદામાં રહીને કરે. કોઈ અનિચ્છનયી બનાવ ના બને તથા ટ્રાફિકની કોઈ સમસ્યા ન સર્જાવા સાથે આમ જનતાના નુક્સાન પહોંચ તે પ્રમાણે આયોજન ન કરેલું હોય તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવી. જેને લઈને પોલીસ તંત્ર દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેના માટે ચાપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. તેમ છતાં દારૂની પીનારા તો દારૂનો નશો કરીને શહેરમાં ટહેલવા માટે નીકળ્યાં હતા. ડીસીપી, એસીબી, પીઆઈ અને પીઆઈ સહિતના 2500 ઉપરાંત જવાનો બંદોબસ્તમાં તૈનાત કરી દેવામાં હોય આ પોલીસ દ્વારા નશેડીઓને બ્રેથ એનેલાઈઝર મશીન ચેક કરવામાં આવ્યાં હતા. જેમાં 58 જેટલા પીધેલા તથા ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના 75થી વધુ કેસ નોંધાયા હતા. જેથી આ પીધલા સહિતના વાહનચાલકોની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

### નશીલા પદાર્થોથી દૂર રહી 'વિકસિત ભારત' માટે યોગદાન આપવા સી.પી.નું આહવાન

# કમિશનર નરસિંહ કોમારે પોતે મોડી રાત્રે ફતેગંજમાં સુરક્ષા વ્યવસ્થાની કમાન સંભાળી



(પ્રતિનિધિ) વડોદરા, તા.1

સંસ્કારી નગરી વડોદરામાં વર્ષ 2025ને હર્ષોલ્લાસ સાથે અલવિદા કહી નવા વર્ષ 2026ને ઉત્સાહભેર આવકારવામાં આવ્યું હતું. શહેરના ફતેગંજ વિસ્તારમાં લાલ ચર્ચ પાસે આયોજિત નવા વર્ષની ઉજવણીમાં હજારોની સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યા હતા. આ તકે શહેર પોલીસ કમિશનર નરસિંહ કુમાર પોતે સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા અને નાગરિકોને પ્રોત્સાહિત કરવા સ્થળ પર પહોંચ્યા હતા.

આકાશ રંગબેરંગી ફુગ્ગાઓથી ભરાઈ ગયું નવા વર્ષના પ્રારંભે ફતેગંજ વિસ્તારમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. લોકોએ રંગબેરંગી બલૂન્સ આકાશમાં ઉડાડીને વાતાવરણને ખુશનુમા બનાવી દીધું હતું. મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકોએ એકઠા થઈને એકબીજાને નવા વર્ષની વધામણી આપી હતી.

### નવા વર્ષ માટે 4 મુખ્ય સંકલ્પોની અપીલ

1.**કાયદાનું પાલન:** હંમેશા કાયદા અને નિયમોની સાચી બાજુએ રહેવું.
2.**પોલીસને સહયોગ:** ગુનાખોરી અટકાવવા અને તપાસની કામગીરીમાં પોલીસને સાથ આપવો.
3.**વ્યસન મુક્તિ:** તમાકુ, દારૂ અને અન્ય નશીલા પદાર્થોથી દૂર રહેવાનો સંકલ્પ કરવો.
4.**રાષ્ટ્ર નિર્માણ:** 'વિકસિત ભારત' અને 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા પોતાના ટેલેન્ટ અને મહેનત દ્વારા યોગદાન આપવું.

આમ, વડોદરામાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત અને નાગરિકોના શિસ્તબદ્ધ ઉત્સાહ વચ્ચે નવા વર્ષ 2026નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

### પોલીસ કમિશનરનું સઘન ચેકિંગ અને નાગરિકોને સુયોગ્ય સંબોધન

થર્ટી ફર્સ્ટની રાત્રે શહેરમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનર નરસિંહ કુમારે ફતેગંજ ખાતે સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પોલીસ માત્ર કાયદો જાળવવા માટે જ નહીં પરંતુ નાગરિકોની ઉજવણીમાં 'મદદગાર' તરીકે પણ સાથે ઊભી છે.આમ, શહેર પોલીસે પણ વર્ષના છેલ્લા દિવસની ઉજવણીમાં સુરક્ષા અને સલામતી જળવાઇ રહે અને વડોદરાવાસીઓ વિના વિઘ્ને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરે તે માટે કમર કસી હતી.

### ખાડો પુરવા માટે તંત્ર ક્યા શુભમૂહુર્તની રાહ જોઇ રહ્યુ છે ?

# શહેરના વોર્ડ નં. 3 માં 25 દિવસથી ખોદાયેલો ખાડો યમદૂત સમાન

### વુડા સર્કલથી અયોધ્યા નગરના મુખ્ય માર્ગ પર ડ્રેનેજની કામગીરી પૂર્ણ, છતાં ખાડો પૂરવામાં ન આવતા સ્થાનિકોમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા એલએન્ડટી વુડા સર્કલથી અયોધ્યા નગર અને જલારામ નગર જતો મુખ્ય માર્ગ છેલ્લા 25 દિવસથી જોખમી બન્યો છે. કોર્પોરેશન દ્વારા ડ્રેનેજ લાઈનની કામગીરી માટે અહીં મસમોટો ખાડો ખોદવામાં આવ્યો હતો, જે કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવા છતાં હજુ સુધી પૂરવામાં આવ્યો નથી.



આ માર્ગ પર હજારો લોકોની અવરજવર રહેતી હોવાથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. આ મુખ્ય માર્ગ પર જીતેન્દ્ર પાર્ક, સુંદરમ પાર્ક, જલારામ નગર અને સહયોગ નગર જેવી અનેક સોસાયટીઓ આવેલી છે.

વધુમાં, ખાડાની બિલકુલ નજીક જ સાયન સ્કૂલ આવેલી હોવાથી શાળા છૂટતી વખતે નાના બાળકો અને વાલીઓની ભારે ભીડ જામે છે. રસ્તો સાંકડો થઈ જવાથી ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાય છે. બાજુમાં ચાલતા કમર્શિયલ બિલ્ડીંગના કામકાજને કારણે મસમોટા ડમ્પરો પણ અહીંથી પસાર થાય છે, જે અકસ્માતનું જોખમ વધારે છે.

સામાજિક કાર્યકરે જણાવ્યું હતું કે, આ અંગે ડ્રેનેજ વિભાગના અધિકારીઓને અનેકવાર ટેલિફોનિક અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં 'જાડી ચામડીના' અધિકારીઓ કોઈ કાર્યવાહી કરી રહ્યા નથી. રાત્રિના સમયે અહીં બેરિકેટ્સ પણ ઘણીવાર પડી જાય છે અને સ્ટ્રીટ લાઈટોનો અભાવ હોવાથી ખાડો દેખાતો નથી, જે વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે.

### વહેલી સવાર માવઠામય હવામાનથી ખેડૂતોમાં ચિંતા

# વાદળછાયું વાતાવરણ વચ્ચે બેવડી ઋતુનો અનુભવ : તાપમાન 19.4 ડીગ્રી

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વડોદરામાં કેટલાક દિવસ બાદ તાપમાનમાં પલ્ટો આવ્યો હતો. વાદળછાયું વાતાવરણ વચ્ચે ઠંડીના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. લઘુત્તમ તાપમાન 19.4 ડીગ્રી નોંધાયું હતું. જેના કારણે બેવડી ઋતુ અનુભવાઈ હતી. સવાર સાંજ ઠંડી અને બપોરે ઉકળાટ જેવું વાતાવરણ સર્જાયું હતું. વડોદરામાં વહેલી સવારથીજ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. ગુરુવારે મહત્તમ તાપમાન 28.4 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 19.4 ડીગ્રી નોંધાયું હતું. જ્યારે સવારે હવામાં ભેજનું પ્રમાણ 83 અને સાંજે 59 ટકા નોંધાયું હતું. અરબસાગર અને બંગાળની ખાડી તરફથી પવનો ગુજરાત તરફ વળી રહ્યા છે. જેનાથી વરસાદી ઝાપટા પડી રહ્યા છે. આગામી 48 કલાક દરમિયાન એટલે કે બે દિવસ લઘુત્તમ તાપમાનમાં બે થી ચાર ડિગ્રી સેલ્શિયસનો ઘટાડો નોંધાઈ શકે છે. રાજ્યમાં હાલ ક્યાંક થોડી તો ક્યાંક વધારે ઠંડી પડી રહી છે. જોકે, ગુજરાતના વાતાવરણમાં પલટો પણ આવ્યો છે. કેટલાક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ સાથે વરસાદ પણ વરસ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી દિવસોમાં રાજ્યમાં હવામાન વાદળછાયું રહે તેવી શક્યતા છે. આજે કેટલાક વિસ્તારોમાં વરસાદની આગાહી આપવામાં આવી છે જોકે, ગુજરાતમાં ભારે વરસાદની કોઈ શક્યતા નથી. આગામી ત્રણ દિવસ દરમિયાન ધીમે ધીમે બેથી ત્રણ ડિગ્રી સેલ્શિયસનો વધારો અને ત્યારબાદ કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

નોંધનીય છે કે, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં માવઠું વરસ્યું હતું. વાતાવરણ દિવસ પર વાદળછાયું રહ્યું હતું.

### અગાઉ પણ આ ગેંગના પાંચ આરોપીઓએ મુકેલા જામીન કોર્ટે રદ કર્યાં હતા

# ગુજસીટોકના આરોપી વિપિન અરોરાની રેગ્યુલર જામીન અરજી નામંજૂર

### ગુજસીટોક સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાં દ્વારા ધારદાર દલીલો કરાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વડોદરા શહેર સહિત સમગ્ર ગુજરાતમાં વિદેશી દારૂનું નેટવર્ક ચલાવતી નિલેશ ઉર્ફે નિલુ સિંધી સહિતના ગેંગના 13 આરોપી છબીનાથસિંહ, રવિ ઉર્ફે ચામડો માછી, સુરેશ ઢાકા, ઓમપ્રકાશ નાથાણી, જગદીશ સાહુ સુનિલ બિશ્નોઈ, રવિ કુકરેજા, ઘેરવચંદ બિશ્નોઈ અને વિપીનકુમાર અરોરા વિરુદ્ધ ગુજસીટોકનો ગુનો દાખલ કરી તેમની સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી અને તમામ આરોપીઓને જેલ ભેગા કરી દેવામાં આવ્યાં હતા. જ્યાર અશોક બિશ્નોઈ, નારાયણ બિશ્નોઈ, શ્રવણ બિશ્નોઈ તથા ધવલ બિશ્નોઈને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યાં હતા.

આ 10 જેટલા આરોપીઓ જેલમાં સજા કાપી રહ્યાછે ત્યારે અગાઉ બુટલેગર રવિ ચામડા, છબીનાથ રાજપુત, રવિ કુકરેજા, સુનિલ બિશ્નોઈ તથા નિલેશ નાથાણી દ્વારા જેલમાંથી રેગ્યુલર જામીન અરજી કોર્ટમાં રજૂ કરાવવામાં આવી હતી. પરંતુ ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોર્ટ દ્વારા જામીન અરજી રદ કરાઈ હતી. ત્યારે હવે જેલમાં કાપી રહેલા વિપિન અરોરાએ તેમની જામીન પર મુક્ત કરવા માટે વકીલ મારફતે રેગ્યુલર જામીન અરજી કોર્ટમાં રજૂ કરાવી હતી. ત્યારે આરોપીને વકીલ દ્વારા તેને જામીન મુકત કરવા માટે દલીલો કરાઈ હતી. પરંતુ સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર (ગુજસીટોક) દ્વારા દારૂનું નેટવર્ક સાથે સંકળાયેલા આરોપીઓને જામીન આપવામાં આવે તો વધુ ગુનો આચરી શકે છે તેવી દલીલો કરવામાં આવી હતી. જેથી મેજિસ્ટ્રેટ દ્વારા પબ્લિક પ્રોસિક્યુટરની દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપીને રેગ્યુલર જામીન અરજી રદ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.